જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૧૦/૨૦૧૮ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૯૧૯/૧૮

## ગૌશાળાના નામે ફાળો આપવાના બહાને, પાણી પીવાના બહાને, સિવીલ હોસ્પીટલના દર્દીઓને મફત ટીફીન સેવા આપવા માટે ફાળો આપવાના બહાને ઘરમાં પ્રવેશ કરી મોબાઇલ ફોનોની ચોરી કરતા રીઢા ચોરને ચોરીના ૦૭ મોબાઇલ સાથે પકડી ૦૫ ગુનાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઇમબ્રાંચ.

અમદાવાદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી ખુલ્લા મકાનોમાં પ્રવેશ કરી મોબાઇલફોનોની ચોરીઓ થવાના બનાવો બનવા પામેલ હોય આવા પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ શ્રી જે.કે.ભટ્ટ ખાસ પોલીસ કમિશ્નર ક્રાઇમબ્રાંચ,શ્રી દીપન ભદ્રન નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એસ.એલ.ચૌધરી નાઓના માર્ગદર્શન/સુચના હેઠળ ઓટોરીક્ષા પેસેન્જર ચોરી/લુંટ અને ગ્લાસ બ્રેકીંગ થેફ્ટ સ્કોડના પો.ઇન્સ.શ્રી આર.એસ.સુવેરા તથા પો.સ.ઇ.શ્રી વાય.એમ.ગોહીલ,પો.સ.ઇશ્રી વાય.જી.ગુર્જર, પો.સ.ઇ શ્રી આર.જે.ચૌધરી નાઓના સ્કોડના માણસો તા.૦૧/૧૦/૨૦૧૮ ના રોજ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન હેકો ભરતકુમાર શીવરામભાઇ અને પો.કો.પ્રદીપસિંહ હઠીસિંહ નાઓને ખાનગી રાહે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે આરોપી લાલજીભાઇ S/O ઉકાભાઇ નાથાભાઇ સોલંકી ઉવ.૩૦ રહે.ઓડનો ટેકરો ,જોગણી માતાની ચાલી પાસે જુના વાડજ,વાડજ અમદાવાદ શહેર નાને પકડી તેની પાસેથી અલગ અલગ કંપની/મોડલના કુલ ૬ મોબાઇલ ફોન અને એક એપલ આઇપેડ મળી કુલ્લે કિ.રૂ.૪૬૦૦૦/-નો મુદામાલ રિકવર કરેલ છે.

### આરોપીનો ગુનાહિત પુર્વ ઇતિહાસ

પકડાયેલ આરોપી ૨૦૧૧ થી આજદીન સુધી નારણપુરા, માધવપુરા, રાણીપ,ખોખરા,મણીનગર,ખાડીયા,નરોડા પોલીસ સ્ટેશનમાં ખુલ્લા મકાનમાં પ્રવેશ કરી મોબાઇલફોનોની ચોરી કરવાના દસેક જેટલા ગુનાઓમાં ગુનાઓમાં પકડાયેલ છે. તેમજ જુનાગઢ અને રાજકોટ ખાતે બે વાર પાસામાં જઇ આવેલ છે.

### આરોપીની પુછપરછ દરમ્યાન નીચે મુજબના ગુનાઓ શોધાયેલ છે

પકડાયેલ આરોપી અને તેના સાગરીતે નીચે મુજબના ગુનાઓ કરેલ હોવાની કબુલાત કરેલ છે.

(૧) એક મહીના પહેલા ઘાટલોડીયા વિસ્તારમાં કે.કે.નગર ચાર રસ્તા પાસે આવેલ કાલીન્દીપાર્ક ફલેટમાંથી સેમસંગ કપની નો J-2 મોડેલના મોબાઇલ ફોનની ચોરી કરેલ.આ અંગે ઘાટલોડીયા પો.સ્ટે. દાખલ થયેલ ફ.ગુ.ર.નં.૧૧૦/૨૦૧૮ ઇપીકો કલમ ૩૮૦ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૨) અઠવાડીયા પહેલા અમરાઇવાડી વિસ્તારમાં નારાયણનગરમાં એક ખુલ્લા મકાનમાંથી રૂમમાં બારી પાસે ચાર્જીંગમાં મુકેલ એલ.જી.કંપનીનો મોબાઇલ ફોનની ચોરી કરેલ. આ અંગે અમરાઇવાડી પો.સ્ટે. દાખલ થયેલ ફ.ગુ.ર.નં.૧૬૧/૨૦૧૮ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૩) ચાર પાંચ દિવસ પહેલા રાણીપ શાકમાર્કેટ પાસે પાણીની ટાંકી પાસે આવેલ પાશ્વનાથ સોસાયટીમાં એક ખુલ્લા મકાનના બેઠકરૂમમાંથી  એપલ કંપનીનુ સીલ્વર કલરનુ આઇ પેડ તથા સેમસંગ કંપનીનો મોડલ નં.SUM-1200 નો ફોન અને એપલ કંપનીનો આઇફોન એસ-૬ મોબાઇલની ચોરી કરેલ. આ અંગે રાણીપ પો.સ્ટે. દાખલ થયેલ ફ.ગુ.ર.નં.૮૨/૨૦૧૮ ઇપીકો કલમ ૩૮૦ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૪) બે મહીનાની આસપાસ ઇસનપુર વેંદાત સ્કુલ પાસે આવેલ જયકિશ્ન સોસાયટીમાંથી ખુલ્લા મકાનમાંથી ચાર્જીંગમાં મુકેલ વીવો કંપનીના 1603 મોડલના મોબાઇલ ફોનની ચોરી કરેલ. આ અંગે ઇસનપુર પો.સ્ટે. દાખલ થયેલ ફ.ગુ.ર.નં.૧૩૮/૨૦૧૮ ઇપીકો કલમ ૩૮૦ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૫) દસેક દિવસ પહેલા અમરાઇવાડી વિસ્તારમાંથી નવોવાસમાં સરસપુર બેંકના બિલ્ડીંગમાં આવેલ મકાનમાંથી સેમસંગ કંપનીનો ગોલ્ડન કલરનો ગેલેક્ષી-૫ મોડલનો મોબાઇલ ફોન,રોકડા રૂ.૫૦૦૦/- અને સોનાનુ મંગળસુત્ર મળેલ હતુ.રોકડા રૂપિયા ૫૦૦૦ અને મંગળસુત્ર મારા શાળા સુનીલ પાસે છે.આ અંગે અમરાઇવાડી પો.સ્ટે. દાખલ થયેલ ફ.ગુ.ર.નં.૧૬૪/૨૦૧૮ ઇપીકો કલમ ૪૫૪.૪૫૭.૩૮૦ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૬) આ સિવાય સદરીએ અમદાવાદ શહેરમાં અન્ય પાંચેક જગ્યાઓએ ખુલ્લા મકાનમાં પ્રવેશ કરી મોબાઇલ ફોનોની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.

.

## પકડાયેલ આરોપી અને તેના સાગરીતોની મોડસ ઓપરેન્ડી

પકડાયેલ આરોપી અને તેનો સાગરીત જુદાજુદા વિસ્તારોમાં મોબાઇલ ફોનોની ચોરી કરવા માટે ફરતા અને જે તે ઘરમાં હાજર વ્યકતી પાસે ગૌશાળાના નામે ફાળો આપવાનુ કહેતા,પાણી આપવાનુ કહેતા તેમજ સિવીલ હોસ્પીટલના દર્દીઓને મફત ટીફીન સેવા આપવા માટે ફાળો આપવા જણાવતા અને હાજર વ્યકતી ઘરમાં પૈસા કે પાણી લેવા જાય તે દરમ્યાન ઘરમાંથી મોબાઇલ ફોનની ચોરી કરી લેતા  તેમજ ખુલ્લુ ઘર જણાય અને ઘરમાં કોઇ ન હોય તો ઘરમાં બારીમાં કે અન્ય જગ્યાએ ચાર્જીંગમાં કે ખુલ્લામાં મોબાઇલ ફોન મુકેલા હોય તેવા મોબાઇલ ફોનોની ચોરી કરી લેતા હતા.અમો બંને ચોરી કરવા જતા ત્યારે એક બહાર ઉભો રહી કોઇ આવી ન જાય તેની રેકી કરતો અને બીજો અંદર મકાનમાં ચોરી કરવા માટે જતો હતો.

પકડાયેલ આરોપી અને તેના સાગરીતે આ સિવાય બીજા ગુનાઓ આચરેલ છે કે કેમ ? તેમજ તેઓની સાથે બીજા અન્ય આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ ? તે બાબતે સઘન પુછપરછ તપાસ ચાલુ હોય બીજા પણ આવા પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે.

## <u>સાબરમતી પોલીસ સ્ટેશન :</u>

સાબરમતી વિસ્તારમાથી જુગાર રમી રમાડતા કુલ-૬ ઈસમોને કુલ્લે રૂપીયા ૨૫,૪૨,૩૫૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી લેતી સાબરમતી પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એલ ડીવીઝન સાહેબ નાઓએ પ્રોહી/જુગારના કેસો શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે જે રેલ્વે કોલોની વિસ્તારમા ચેક કરતા અને આજરોજ પી.આઈ શ્રી સાબરમતી નાઓ ની સુચનાથી પો.સ.ઈ બી.પી મેઘલાતર નાઓને બાતમી હકીકત મળેલ કે રેલ્વે કોલોની મકાન નં ૨૯૯/એ મા કેટલાક લોકો જુગારા રમતા હોય જેથી સદર જગ્યા ઉપરપી.આઇ સાબરમતી તથા પો.સ.ઈન્સ ડી.જી.બડવા તથા સ્ટાફ઼ ના મણસો ધ્વારા રેડ કરતા સદર મકાન માથી કુલ-૬ ઈસમો પૈસા પાના થી હારજીત નો તીન પત્તી નો જુગાર રમી રમાડી અંગજડતી ના નાણા રૂપીયા ૫૨,૪૦૦/- તથા દાવના નાણા રૂપિયા ૫૯,૪૫૦ /- તથા ફ઼ોર વ્હિલ ગાડી નંગ-૩ જેની કિ રૂ ૨૪,૦૦,૦૦૦- તથા મોબાઈલ નંગ-૫ જેની કિં.રૂ ૩૦,૫૦૦/- મળી કુલ્લે રૂપીયા ૨૫૪૨૩૫૦/- ના મુદ્દામાલ સાથે પકડી લઈ તમામ ઈસમો વિરુધ્ધ સાબરમતી પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં - ૩૩૫૧/૨૦૧૮ જુગારધારા કલમ ૪,૫ મુજબ ગુનો દાખલ કરેલ છે અને આગળની તપાસ ઈન્વે સ્કોર્ડ મ.સ.ઈ શનાભાઈ ધુળાભાઈ બ.નં ૮૩૨૨ નાઓ ચલાવી રહેલ છે તા-૦૧/૧૦/૨૦૧૮

## <u>સરદારનગર પોલીસ સ્ટેશન :</u>

### પાસાના આરોપીને ધરપકડ કરતી સરદારનગર પોલીસ

મે. નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન -૪, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી જી. ડીવીઝન સાહેબ નાઓ તથા પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એન.વીરાણી સાહેબ નાઓની સુચના આધારે એ.એસ.આઇ. દિવ્યાબા મનુભા તથા હે.કો. હસમુખભાઇ કેશવલાલ બ.ન.૯૨૪૯ તથા પો.કો.રમેશભાઇ રત્નાભાઇ બ.ન. ૯૯૩૬ તથા પો.કો. મહેન્દ્રસિંહ બળવંતસિંહ બ.ન.૩૬૫૨ તથા પો.કો. શક્તિસિંહ લાલુભા બ.નં. ૩૧૨૯ તથા તથા પો કો. વિક્રમસિંહ સુખદેવસિંહ બ.નં ૬૨૧૯ એલ.આર. ગોપાલસિંહ દશરથસિંહ બ.ન. ૬૭૧ તથા મધુબેન ભીમાભાઇ બ.ન.૧૮૯૩ નાઓ સાથે હતા તે દરમ્યાન પો.કો. મહેન્દ્રસિંહ બળવંતસિંહ બ.ન.૩૬૫૨ નાઓની બાતમી હકીકત આધારે પાસા અટકાયતી નામે ભાનુભાઇ ઉર્ફે જીતુ અમરતભાઇ ભરથરી ઉ.વ.૨૨ રહે.શાંતિનગર ના છાપરા હિંતરપુર સરદારનગર અમદાવાદ શહેર નાઓને પાસા હુકમ નં.પીસીબી/ડીટીએન/પાસા/૪૭૮/૨૦૧૮ થી હુકમ થયેલ હોય જે આધારે આજ રોજ તા.૧/૧૦/૨૦૧૮ જે પાસા અટકાયતી નાઓને પકડી કાયદેસરની કાર્યવાહી કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

**શાહીબાગ પોલીસ સ્ટેશન :**

આજરોજ તા.૦૧/૧૦/૨૦૧૮ ના રોજ મે.પોલીસ કમિશનર, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશનર શ્રી, સેકટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ-કમિશનર શ્રી, ઝોન-૪ તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશનર શ્રી, નાઓની સુચના થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ જુગારની અસામાજીક પ્રવૃતિ કરતાં ઇસમો ઉપર વોચ રાખી કોઇ ગુનાહીત મળી આવેથી કાયદેસરની કાર્યવાહી કરવા અનુસંધાને આજરોજ અમો તથા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા કલાક:૦૦/૦૫ વાગે સિવીલ કોર્નર પાસે આવતાં સાથેના પો.કોન્સ વિવેકભાઈ ભીખુભાઈ બ.ન.૩૭૦૯ તથા પો.કો.રાજદીપકુમાર ચતુરભાઈ બ.નં.૫૭૫૮ નાઓએ સંયુક્ત બાતમી હકીકત મળેલ કે, એક સિલ્વર કલરની ઇનોવા ગાડીમાં ભારતીય બનાવટનો વિદેશીદારૂનો કેટલોક જથ્થો લાવી ઘોડા કેમ્પ રોડ થઇ પસાર થનાર છે. જે બાતમી આધારે સદર જગ્યાએ વોચમાં રહી વોચ કરતાં ઉપરોકત બાતમી વાળી ઇનોવા કાર નં.GJ-01-RC-5545 ની FSL ચાર રસ્તા ખાતે રોકતાં સદરી ગાડીમાંથી (૧) ભારતીય બનાવટના વિદેશીદારૂ બોટલ નંગ-૯૦૦ ની કિં.રૂ.૨૧૬૦૦૦/- તથા (૨) બીયર ટીન નંગ-૬૬ ની કિં.રૂ.૬૬૦૦/- તથા (૩) ઈનોવા ગાડી નંબર GJ-01-RC-5545 જેની કિં.રૂ.૩,૦૦,૦૦૦/- ગણી કુલ્લે કિંમત રૂપિયા ૫,૨૨,૬૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.